
# વિશ્વ ફોટોગ્રાફી દિવસે - મારું ગાંધીનગર - મારી નજરે - વિજેતા ફોટોગ્રાફ્સ


બીજા ક્રમે - કુલદિપ શર્મા


પ્રથમ ક્રમે - ભાગ્યેશ ભાવસાર


ચોથા ક્રમે : આર્યા ગજ્જર


ત્રીજા ક્રમે : નિસર્ગ પટેલ


પાંચમા ક્રમે : ગૌરવ જાદવ

# નવા સેકટરોમાં એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાનુ કામ શરૂ

### સે-૩ ,૪ અને સે-૫ માં એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાની કામગીરી અન્વયે વચાળે સેન્ટ્રલ વર્જ અને સ્ટ્રીટલાઇટો પણ મુકાશે

ગાંધીનગર તા ૨૦

શહેરના સેકટરોમાં એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જુના સેકટરો તેમજ નવા સેકટરોમાં પણ એપ્રોચ માર્ગોને પહોળા કરવામાં આવી રહ્યા છે. શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ટ્રાફિકનુ પ્રમાણ વધતા એપ્રોચ માર્ગોનુ વાઇડનીંગ કરવામાં આવી રહ્યુ છે. હાલ સે-૩ થી ૫ માં પણ એપ્રોચ માર્ગનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેથી આગામી દિવસોમાં સેકટરામાં વાહનોની અવરજવર સરળ બનશે.

શહેરમાં માર્ગ સુધારણા સાથે વાઇડનીંગના કામો પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. દાયકાઓના અંતે સ્માર્ટ સીટી બનવા આગળ વધતા નગરમાં રોડ નેટવર્કને અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. નગરના મુખ્યમાર્ગો સિકસલેન કરવામાં આવ્યા છે. ગ માર્ગનુ કામ પણ ચાલી રહ્યુ છે. જયારે મુખ્યમાર્ગો પર અન્ડર પાસ પણ તૈયાર કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી છે. ગ માર્ગ પર અન્ડર પાસનુ કામ પણ ચાલી રહ્યુ છે. શહેરના મુખ્યમાર્ગોની સાથે સેકટરોના આંતરિક માર્ગાની સુધારણા પણ કરવામાં આવી રહી છે. દાયકાઓના અંતે શહેરના સેકટરામાં વસતી અને વિકાસ મુજબ ટ્રાફિકનો ધમધમાટ પણ વધ્યો છે. જેને અનુલક્ષીને સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવા માટેની યોજના અન્વયે કામગીરી ચાલી રહી છે. નગરના નવા અને જુના સેકટરોમાં આ કાર્યયોજના અન્વયે સેકટરોમાં એન્ટ્રી પોઇન્ટ પરના માર્ગો અલબત્ત એન્ટ્રીથી રીંગ રોડ સુધીનો ભાગ ફોરટ્રેક કરવામાં આવી રહ્યો છે. માર્ગ પહોળો કરી વચાળે સેન્ટ્રલ વર્જ તેમજ સ્ટ્રીટ લાઇટના થાંભલા પણ મુકી દેવાશે. સેકટરોના એપ્રોચ માર્ગો સાંકડા હોવાના લીધે અનેકવાર

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં શુક્રવારે વેક્સિનેશનની કામગીરી ધીમી પડી

### જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬,૨૭,૪૮૩ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાની વેક્સિનેશનની કામગીરી આજે ધીમી પડી છે. જિલ્લામાં આજે ૫૮૪૬ લોકોને જ આ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ગ્રામીણ વિસ્તારમાં ૪૪૦૭ લોકોને અને શહેરમાં ૧૪૩૯ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

આ સપ્તાહના અંતથી શ્રાવણ માસના પર્વો શરૂ થતા હોવાથી લોકો હવે તેની તૈયારીમાં વ્યસ્ત બન્યા હોવાથી વેક્સિનેશનની કામગીરી થોડી ધીમી પડી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬,૨૭,૪૮૩ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

શહેર અને જિલ્લામાં થઈ ૮૦ ટકા લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અપાઈ ચુક્યો છે. વેક્સિનેશનની કામગીરીને આગામી દિવોસમાં વેગીલી બનાવવા માટે ખાસ કેમ્પોનું આયોજન કરવા અંગે પણ તંત્ર વિચારણા કરી રહ્યું હોવાનું જાણવા મળેલ છે.

# હવે પંચાયતો પણ નાગરિક અધિકાર પત્ર બનાવી સેવાઓનું દઢીકરણ કરશે

ગાંધીનગર, તા. ૨૦

હવે પંચાયતો દ્વારા પણ નાગરિક અધિકાર પત્ર તૈયાર કરી પંચાયતની સેવાઓનું દઢીકરણ કરવામાં આવશે.

''મેરી પંચાયત મેરા અધિકાર જનસેવા હમારે દ્વાર'' મુજબ ગ્રામ્ય વિસ્તારના લોકોને જરૂરી સેવાઓ ગ્રામ પંચાયત સ્તરેથી જ પૂરી પાડી શકાય તે હેતુથી આ નાગરિક અધિકાર પત્રની સેવાઓ ગ્રામસભા યોજી અને તેની મંજૂરી સાથે શરૂ કરવામાં આવશે.

આગામી બે માસમાં આ માટે જિલ્લાઓમાં ગ્રામસભાઓ યોજાશે. મળતી વિગતો મુજબ નાગરિક અધિકાર પત્ર થકી કઈ કઈ સેવાઓ પુરી પાડી શકાય છે તે માટે Panchayatcharater.nic.in.. નામની વેબસાઈટ પણ લોંચ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ નાગરિક અધિકાર પત્રમાં પંચાયત વિભાગની ૮ જેટલી, મહેસુલ વિભાગની પાંચ, સામાજિક ન્યાય અધિકારિતા વિભાગની નવ, શિક્ષણ વિભાગની ૨, ખેતીવાડી વિભાગની બે એમ કુલ મળી ૨૬ જેટલી સેવાઓ પંચાયત દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ જણાવાયુ છે.

**નાગરિક અધિકાર પત્રમાં પંચાયત વિભાગની ૮ જેટલી, મહેસુલ વિભાગની પાંચ, સામાજિક ન્યાય અધિકારિતા વિભાગની નવ, શિક્ષણ વિભાગની ૨, ખેતીવાડી વિભાગની બે એમ કુલ મળી ૨૬ જેટલી સેવાઓ પંચાયત દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે**

આ માટે ગ્રામ પંચાયતો દ્વારા ગ્રામસભાઓ યોજી અને તે અંગેના પ્રસ્તાવ પસાર કરી વિધિવત્ જાણ તાલુકા અને જિલ્લાકક્ષાએ કરવાની રહેશે.

ગ્રામીણ સ્તરે પંચાયતોની સેવાઓ ઈ.ગ્રામ થકી તો મળી રહી છે જ પણ આ સેવાઓનું દઢીકરણ થશે એટલુ જ નહિ નાની નાની બાબતોને લઈ જિલ્લાકક્ષાએ કે તાલુકા કક્ષાએ લોકોને જવાનુ મટી જશે.

રાજયની વિકાસ કમિશનરની કચેરીએ આ માટે રાજયભરના જિલ્લાઓને ગ્રામસભાઓ યોજવા અંગે અને પ્રસ્તાવ પસાર થાય તે જોવા કહ્યુ છે. કોરોનાની મહામારી અને ખેતીની સિઝનને ધ્યાને રાખી આગામી બે મહિનામાં આ ગ્રામસભાઓ યોજાશે તેમ જાણવા મળેલ છે.

# જિલ્લાની માધ્યમિક શાળાઓમાં ૧૨૧ વિષય શિક્ષકોની ભરતી

### નિમણુંકના અંતે માત્ર ૩ જ શિક્ષકો હાજર ન થયા : માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થતાં શિક્ષણનું સ્તર સુધરશે

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં ૧૨૧ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે જેના અંતે જિલ્લાની માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થયો છે. જયારે આ પૈકી ૩ જેટલા શિક્ષકો કોઈ કારણોસર હાજર થયા નથી જયારે જિલ્લાની શાળાઓમાં લાંબા સમયથી ઉદભવેલો શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થતા હવે શિક્ષણનુ સ્તર પણ સુધરશે તેમ પણ મનાઈ રહ્યુ છે. અત્યાર સુધી પ્રવાસી શિક્ષકોના આધારે શિક્ષણ કાર્ય ચલાવાની પણ ફરજ પડી હતી.

ગાંધીનગર જિલ્લામાં લાંબા સમયથી શાળાઓમાં શિક્ષકોની ઘટ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર પડતી હતી વિવિધ વિષયના શિક્ષકોની ઘટના લીધે શિક્ષણતંત્રએ પણ પ્રવાસી શિક્ષકોના આધારે કામ ચલાવવુ પડતુ હતુ. કોરોના કાળમાં આમ પણ લાંબા સમયથી પ્રત્યક્ષ શિક્ષણ બંધ હાલતમાં છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી જ શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી જોવા મળે છે. જયારે હવે શિક્ષકોની ઘટનો પ્રશ્ન પણ હલ થતા શાળાઓમાં શિક્ષણકાર્ય વધુ અસરકારક બનશે તેમ પણ મનાઈ રહ્યુ છે. જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ૧૨૧ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. જયારે આ પૈકી માત્ર ૩ જ કિસ્સામાં શિક્ષકો હાજર થયા નથી અગાઉ તૈયાર થયેલા મહેકમ મુજબ માધ્યમિક વિભાગમાં પ્રવર્તેલી શિક્ષકોની ઘટનો પ્રશ્ન

● અનુસંધાન પાન-૭ પર


કુદરત ભિન્નતાને નજાકતથી સાથે મૂકીને આપણને શીખવે છે...કે પરસ્પર ભિન્ન સ્વભાવને માવજતથી સાથે મૂકીને આગળ વધીએ તો જીવનરૂપી બાગને પણ વિવિધ રંગોની રંગોળીથી નિખારી શકીએ.

# નર્મદા કેનાલથી બાઈક ચોરનાર શખ્સ ઝડપાયો


ગાંધીનગર, તા.૨૦

વિસત પેટ્રોલ પંપથી કોબા સર્કલ તરફ જવાના માર્ગ પર નર્મદા કેનાલ પાસે સિક્યુરીટી ગાર્ડની કેબીન પાસેથી ગત માર્ચ માસમાં ભાટ ગામે રહેતા શખ્સે બાઈકની ચોરી કરી હતી. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેસાણાના પામોલા-૨ ગામે રહેતા નગીનભાઈ રવાભાઈ સેનમા મજુરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. નગીનભાઈને બે દિકરા અને એક દિકરી છે. નગીનભાઈએ નાના દિકરા સુનિલને નોકરી આવન જાવન માટે બેંક લોન થી સ્પ્લેન્ડર બાઈક લઈ આપ્યું હતું.

ગત માર્ચની ૯ તારીખે સુનિલ બાઈક લઈને નોકરી જવા માટે નીકળ્યો હતો. પરંત રાત્રીના ઘરે પરત ફર્યો ન હતો. ત્યારબાદ તા.૧૧ માર્ચના રોજ સુનિલનો મૃતદેહ સાંતેજ પોલીસ મથકની હદમાં આવેલ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. પરંતુ યુવક સુનિલના બાઈક અંગે પરિવારને કોઈ માહિતી ન હતી.


## બેસણું



અમારા ભાઈ **શ્રી સ્વ. હરીશભાઈ નારણજી પાલા** નું ગુરુવાર, તા. ૧૯.૦૮.૨૦૨૧ ના રોજ અકાળે દુઃખદ અવસાન થયેલ છે.

પ્રભુ ઈચ્છા બળવાન છે.

સદગતનું બેસણું તા. ૨૧.૦૮.૨૦૨૧ ને શનિવારના રોજ સવારે ૦૮.૦૦ થી ૧૧.૦૦ એમના નિવાસસ્થાન પ્લોટ નંબર ૪૯૧/૧, સેક્ટર -૫ એ ગાંધીનગર ખાતે રાખેલ છે.

કિશોરભાઈ નારણજી પાલા (ભાઈ)
સુરેશભાઈ નારણજી પાલા (ભાઈ)
રમેશભાઈ નારણજી પાલા (ભાઈ)
ભરતભાઈ નારણજી પાલા (ભાઈ)
ગં.સ્વ. હંસાબેન હરીશભાઈ પાલા (પત્ની)
સોહમ હરીશભાઈ પાલા (પુત્ર)
મિલી હરીશભાઈ પાલા (પુત્રી)

મો. 79901 42287, 99784 07907, 97261 83226



गुजरात केन्द्रीय विश्वविद्यालय
(भारत की संसद के अधिनियम सं. २५, २००९ के तहत स्थापित)
CENTRAL UNIVERSITY OF GUJARAT
(Established by an Act of Parliament of India, No 25 of 2009)

ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, ગાંધીનગરમાં સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) અભ્યાસક્રમોમાં પ્રવેશ હેતુ CU-CET-2021 ની પરીક્ષામાં ભાગ લેવા માટે રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (NTA)ની વેબસાઈટ https://cucet.nta.nic.in પર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા. 01/09/2021 છે. વધુ માહિતી માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની વેબસાઇટ https://cucet.nta.nic.in, www.nta.ac.in અને યુનિવર્સિટીની વેબસાઈટ www.cug.ac.in પર સંપર્ક સાધવો.

કુલસચિવ



## વૈદિક યોગ

આર્ય સમાજ, સેક્ટર-૨૪ ખાતે સાંજે ૫-૩૦ થી વૈદિક યોગ માટે

સંપર્ક : પારૂલ મહેતા
મો.૯૭૧૪૦૦૪૧૯૯



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


## જાહેર નોટીસ

ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના મોજે ગામ રાંદેસણની સીમના બ્લોક નં. ૨૩૩+૨૩૪ પૈકી ૫ના ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૫ના ફાઈનલ પ્લોટ નં. ૮૯ની બીનખેતીની રહેણાંકના હેતુ માટેની જમીનમાં બંધાયેલ 'આવાસ રીવરફ્રન્ટ'ના બ્લોકો પૈકી બ્લોક નંબર : 'એફ'માં બીજા મજલે આવેલ ફ્લેટ નંબર : એફ-૨૦૧ (બિલ્ટઅપ એરીયા ૭૨.૧૦ ચો.મી.) વાળી મિલકત શીવાંગી હરીસીહજી પરમાર એ તેઓની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ મિલકતના દસ્તાવેજ નંબર ૯૨૦૭/૨૦૧૪ની રજીસ્ટ્રેશન રીસીપ્ટ તતા પેમેન્ટ રીસીપ્ટ્સ ખોવાઈ ગયેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને અમારા અસીલે અમારી પાસે સદરહુ મિલકતના ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલકતમાં કે રજીસ્ટ્રેશન રીસીપ્ટ તથા પેમેન્ટ રીસીપ્ટ્સમાં જો કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થાનું કોઈપણ પ્રકારનું હિત, અધિકાર, હક્ક, લાગભાગ, બોજો વિગેરે આવેલ હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં અમોને નીચે જણાવેલ સરનામે લેખિતમાં આધાર પુરાવા સહિત જાણ કરવી. ત્યારબાદ કોઈના વાંધા હશે તો તે જતા કર્યાનું માની લઈ અમો દ્વારા ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટ ઈસ્યુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ : ગાંધીનગર** **સહી/-**
**તારીખ : ૨૧/૮/૨૦૨૧** **મનન. આર. મહેતા (એડવોકેટ)**

**સરનામું : ઓફિસ નં. એમ-૧૪, સુમન ટાવર, સેક્ટર નં. ૧૧, ગાંધીનગર. મો. ૯૮૯૮૩ ૫૮૩૮૩**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com